# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૪/૧૧/૨૦૧૯

તંત્રીશ્રી, ____________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

## RCEP બાબતે આદરણીય વડાપ્રધાનશ્રીના નિર્ણયને આવકાર

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દક્ષિણ ગુજરાતના તમામ વેપાર ઉદ્યોગવતી Regional Economic Comprehensive Policy Agreement માં ન જોડાવવા બાબતેના ભારતના વડાપ્રધાનશ્રીના નિર્ણયને આવકારે છે.

હાલમાં થાઈલેન્ડમાં RCEP બાબતે ચાલી રહેલ બેઠકમાં ભારતે તેના મુળ પ્રશ્નો તથા હિતોનું રક્ષણ ન થવાને કારણે RCEP Agreement માં ન જોડાવવાને નિર્ણય લીધો છે. ભારત સરકારના આ નિર્ણયના કારણે દક્ષિણ ગુજરાતમાં ટેક્ષટાઈલ ઉદ્યોગનું હબ ગણાતા સુરત તથા ભીવંડીને મોટી રાહત મળી છે. ટેક્ષટાઈલ ઉદ્યોગ સિવાય દક્ષિણ ગુજરાતના મહત્વના કો–ઓપરેટીવ સેકટર માટે પણ આ ખૂબજ સારા સમાચાર છે. સમગ્ર ઉદ્યોગ જગત જેમાં ટેક્ષટાઈલ, કો–ઓપરેટીવ સેકટર, ડેરી અને એગ્રીકલ્ચર પ્રોડકટ, એન્જીનીયરીંગ, ફાર્માસ્યુટીકલ, પ્લાસ્ટીક વિગેરેને ખૂબજ વેગ મળશે અને ભારત તેના મેક ઈન ઈન્ડીયાના કન્સેપ્ટને ખરા ખર્થમાં સાકાર કરી શકશે.

ચેમ્બરે જે તે સમયે વેપાર ઉદ્યોગના હિત માટે RCEP બાબતે માનનીય નાણામંત્રીશ્રીને પોતાના સુચનો મોકલ્યા છે અને આજે વડાપ્રધાનશ્રીના આ નિર્ણય માટે ચેમ્બર વડાપ્રધાનશ્રી તથા નાણામંત્રીશ્રીનો વેપાર ઉદ્યોગવતી આભાર વ્યકત કરે છે.

દક્ષિણ ગુજરાતના સમગ્ર વેપાર ઉદ્યોગ આલમ વતી તથા વેપાર ઉદ્યોગના સમગ્ર એસોસીએશનો વતી ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી આદરણીય વડાપ્રધાનશ્રીના વેપાર ઉદ્યોગના હિતમાં લેવાયેલ આ નિર્ણયને આવકારે છે.